જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૫૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૨/૧૭**

**નવરંગપુરા** : અજીત ગંગાધરન નાયર (ઉ.વ.૩૬)(નોકરીઃનવરંગપુરા મીઠાખળી સર્કલ પાસે એચ.સી.જી. હોસ્પીટલમાં)(રહે,પર્ણકુંજ સોસાયટી વિભાગ-૧, સોનલ હોસ્પીટલની સામે મેઘાણીનગર) એ તા.૨૭/૧/૧૭ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૮/૨૦૧૬ થી તા.૨૭/૧/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી ડો.સુનિલ અશરફ (રહે.માલધારી સોસાયટી, અમદાવાદ) નાનો એચ.સી.જી.હોસ્પીટલમાં કફ અને શ્વાસો-શ્વાસની તકલીફનાં કારણે સારવાર અર્થે દાખલ થયેલ હતા. જેમણે સારવાર બીલનાં બાકી નિકળતાં કુલ રૂપિયા ૩,૫૪,૮૭૬/- હોસ્પીટલમાં નહીં ચુકવી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**ક્રાઇમબ્રાન્ચ** : વીરસિંહ સરદારસિંહ સીંગ (ઉ.વ.૫૩)(રહે,ગુજરાત બટાલીયન, NCC, લો ગાર્ડન) એ તા.૨૭/૧/૧૭ ના રોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૬/૨૦૧૬ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી(૧) હાર્દિક ગણેશભાઈ સતપરા (રહે,નિકોલ, અમદાવાદ શહેર મોબાઈલ નં. ૯૬૩૮૮૧૯૧૭૧) અને (૨)તક્ષીશસીંગ કલોલા કસ્ટમ ઓફીસર મુંબઈ)એ ભેગામળી OLX વેબ સાઈટ ઉપર ખોટુ નામ ધારણ કરી, આઈફોન વેચવાની જાહેરાત આપી, વીરસિંહના ભત્રીજા વિશાલ શર્માને મોબાઈલના નાણાં રૂપીયા ૧૭,૦૦૦/- સ્ટેટ બેન્ક ઓફ ઈંન્ડિયાના બેન્ક એકાઉન્ટમાં ભરાવી, મોબાઇલ ફોન કુરીયર મારફતે મોકલી આપવાનું જણાવી, તે અંગે કુરીયર તથા મોબાઇલ ફોનના બનાવટી બીલ તેમજ પોતે કસ્ટમ ઓફીસર ન હોવા છતાં તે અંગેના હોદ્દાનું બનાવટી આઈ કાર્ડ ધારણ કરી બનાવટી દસ્તાવેજો મોકલી આપી, મોબાઇલ ફોન નહીં આપી, વિશાલ શર્મા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ,ક્રાઇમ બ્રાન્ચ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩/૧૭</u>**

**રામોલ** : કોમલબેન વા/ઓ હસમુખભાઇ ચૌહાણ (ઉ.વ.૩૨)(રહે.માધવ હોમ્સ વિનાયક પાર્કની સામે વસ્ત્રાલ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૧૭ બપોરના ૧/૩૦ વાગ્યાનાં સુમારે વસ્ત્રાલ ગેલેક્ષી કોરલના ગેટની સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કોમલબહેનનાં ગળામાં હાથ નાંખી, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે

**<u>ઘરફોડ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪/૧૭</u>**

**વસ્ત્રાપુર** : અપુર્બભાઇ સ્વાપનભાઇ રોય (રહે.પંચતીર્થ એપાર્ટમેન્ટ નહેરુપાર્ક વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૧૭ સવારના ૧૦/૩૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી ડેલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોની કંપનીનો કેમેરો કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, કેમેરાનો લેન્સ કિંમત રૂપિયા ૪,૦૦૦/-, કાનની ત્રણ વાળી કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, એક સોનાની લેડીઝ ચેઇન કિંમત રૂપિયા ૩૬,૦૦૦/-, એક નોકીયા લુમીયા મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.રામાનુજ ચલાવે છે.

**સેટેલાઇટ** : સચિનભાઇ કમલેશભાઈ મડિયા (રહે,રોહિણી એપાર્ટમેન્ટ, આમ્રકુંજ સોસાયટી, નેહરૂનગર રોડ, આંબાવાડી) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૧૭ રાતના ૯/૦૦ થી તા.૨૭/૧/૧૭ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન રામદેવનગર ચાર રસ્તા પાસે, અક્ષરજ્યોત કોમ્પલેક્ષમાં આવેલ દુકાન નંબર-૦૨ અને ૦૮ તેમજ દુકાન નંબર- ૧૦ અને ૧૧ માં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, અલગ અલગ ચીજ-વસ્તુઓ તથા રોકડ રકમ મળી કુલ રૂપીયા ૫૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫/૧૭</u>**

**રીવરફ્રન્ટ (ઇસ્ટ)** : કોટેશ ક્યુએલ કિશ્ર્ચન (ઉ.વ.૩૮) (રહે,રાણીપુરા ગામ, નારોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૧૭ નાં કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે નારણઘાટ પાસે સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બલવંતભાઇ શંકરભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)